# 23

**અમદાવાદમાં ડૉ.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન**

*15/4/2016 : **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં રાણીપમાં આવેલ ડૉ.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન ક્યારે અને ક્યા ઉદ્દેશથી બનાવવામાં આવેલ છે, | (૧) | • અમદાવાદ શહેરમાં રાણીપમાં આવેલ ડૉ.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન તા.૧૪/૦૪/૨૦૦૭ના રોજ બનાવવામાં આવેલ છે અને<br>• ડૉ.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશનનો ઉદ્દેશ ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવનને લગતી બાબતોને સાંકળવા તથા અનુસૂચિત જાતિ સહિતના વંચિતવર્ગોના ઉત્કર્ષની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા તથા સામાજિક સમરસતા ફેલાવવાનો છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત ફાઉન્ડેશનમાં ક્યા કામો બાકી છે, | (૨) | ફેઝ–૩ (છેલ્લો ફેઝ)ની કામગીરી બાકી છે. |
| (૩) | ઉક્ત કામો કરવાના બાકી રહેવાના કારણો શા છે, અને | (૩) | ફેઝ–૩માં કેમ્પસ ડિઝાઈન, પ્લાન, લે–આઉટ આખરી કરવાની કામગીરી તેમજ કમ્પાઉન્ડ વોલ, પેવર બ્લોક અને પ્લીન્થ પ્રોટેક્શન અંગેની વધારાની કામગીરી કરવાની બાકી હોવાથી. |
| (૪) | ઉક્ત કામો ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે? | (૪) | નિયમોનુસારની ટેન્ડર પ્રક્રિયા કરી બનતી ત્વરાએ કામગીરી પુર્ણ કરવામાં આવશે. |

-----------------